# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/408 Dt. 18/04/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ઇન્વેસ્ટમેન્ટ ફોરમ ૨.૦નું આયોજન, દિર્ઘકાલિન ઇક્વિટી રોકાણ માટે નિષ્ણાતોએ આપ્યું માર્ગદર્શન

### ટેકનોલોજી, ઇન્ફ્રાસ્ટ્રકચર, ઇલેકિટ્રસિટી અને એનર્જી મેનેજમેન્ટ જેવા ક્ષેત્રોમાં આગામી સમયમાં વિશાળ વૃદ્ધિ જોવા મળશે : મોર્ગન સ્ટેનલી ઇન્ડિયાના મેનેજિંગ ડિરેકટર શ્રી રિધમ દેસાઈ

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા રોકાણકારોને માર્ગદર્શન અને વૈશ્વિક આર્થિક પરિસ્થિતિ અંગે માહિતગાર કરવાનો હેતુસર શુક્રવાર, તા. ૧૭ એપ્રિલ, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૩૦ કલાકે પ્લેટિનમ હોલ, સરસાણા, સુરત ખાતે ઇન્વેસ્ટમેન્ટ ફોરમ ૨.૦નું આયોજન કરવામાં આવ્યું હતું.

ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત સંબોધન કરતા જણાવ્યું હતું કે, આજની ઝડપથી બદલાતી આર્થિક પરિસ્થિતિમાં યોગ્ય રોકાણ અંગે જાગૃતિ ખૂબ જ જરૂરી બની છે. આવા કાર્યક્રમો રોકાણકારોને યોગ્ય દિશા આપવામાં મદદરૂપ બને છે.

મુખ્ય વકતા તરીકે મોર્ગન સ્ટેનલી ઇન્ડિયાના મેનેજિંગ ડિરેકટર શ્રી રિધમ દેસાઈએ 'ઇન્ડિયા પોસ્ટ વોર : ટુ બી ઓર નોટ ટુ બી' વિષય પર પોતાના વિચારો વ્યકત કર્યા હતા. તેમણે વૈશ્વિક રાજકીય અને આર્થિક પરિસ્થિતિઓનું ભારત પર પડતા પ્રભાવનું વિશ્લેષણ કરતા જણાવ્યું હતું કે, વૈશ્વિક અનિશ્ચિતતાઓ વચ્ચે

પણ ભારત વિકાસના માર્ગ પર મજબૂતીથી આગળ વધી રહ્યું છે. તેમણે રોકાણકારોને લાંબા ગાળાની દૃષ્ટિ રાખીને સંયમપૂર્વક રોકાણ કરવાની સલાહ આપી હતી.

તેમણે જણાવ્યું હતું કે, ભારત માટે આગામી દાયકાઓમાં વૈશ્વિક સ્તરે મહત્વપૂર્ણ સ્થાન મેળવવાની પૂરી સંભાવનાઓ છે, કારણ કે દેશ પાસે યુવા વસ્તી, ઝડપી ડિજિટલ વિકાસ અને મજબૂત આર્થિક માળખું જેવા મહત્વના આધારસ્તંભો છે. વૈશ્વિક સપ્લાય ચેઇનમાં થતા ફેરફારો અને જીઓપોલિટિકલ પરિસ્થિતિઓને કારણે ભારતને મેન્યુફેકચરિંગ અને ઇન્વેસ્ટમેન્ટ માટે એક વિકલ્પ તરીકે જોવામાં આવી રહ્યું છે.

તેમણે ઉમેર્યું હતું કે, રોકાણકારોએ ટૂંકા ગાળાના બજારના ઉતાર–ચઢાવથી પ્રભાવિત થવાને બદલે દેશની લાંબા ગાળાની વૃદ્ધિ ક્ષમતા પર વિશ્વાસ રાખવો જોઈએ. યોગ્ય એસેટ એલોકેશન, ડાઇવર્સિફિકેશન અને શિસ્તબદ્ધ રોકાણની રીતો અપનાવવાથી જ રોકાણકારો સતત અને સ્થિર રિટર્ન મેળવી શકે છે.

શ્રી દેસાઈએ વધુમાં જણાવ્યું હતું કે, ટેકનોલોજી, ઇન્ફ્રાસ્ટ્રકચર, ઇલેકિટ્રસિટી અને એનર્જી મેનેજમેન્ટ જેવા ક્ષેત્રોમાં આગામી સમયમાં વિશાળ વૃદ્ધિ જોવા મળશે, જેના કારણે રોકાણકારો માટે નવા અવસર ઊભા થશે, આથી માહિતી આધારિત અને વિચારીને લેવાયેલા નિર્ણયો રોકાણમાં સફળતા માટે અનિવાર્ય છે.

મુખ્ય વકતાના વકતવ્ય બાદ ઇક્વિટીમાં લાંબા ગાળાનું રોકાણ વિષે પેનલ ડિસ્કશન યોજાયું હતું, જેમાં શ્રી રિધમ દેસાઈ દ્વારા પેનલિસ્ટનો પરિચય આપવામાં આવ્યો હતો અને તેમણે જ સમગ્ર સત્રનું સંચાલન કર્યું હતું.

પેનલિસ્ટ તરીકે ગોવિંદ પરીખ સિકયોરિટીઝના ફાઉન્ડર શ્રી ગોવિંદ પરીખે પોતાના અનુભવના આધારે રોકાણકારોને માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, ઇક્વિટી માર્કેટમાં સફળતા મેળવવા માટે ધીરજ, શિસ્ત અને દીર્ઘકાલીન દૃષ્ટિકોણ ખૂબ જ જરૂરી છે. તેમણે ટૂંકા ગાળાના બજારના ઉતાર–ચઢાવને અવગણીને ગુણવત્તાસભર કંપનીઓમાં રોકાણ કરવા પર ભાર મૂકયો હતો.

ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલા, માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, ઉદ્યોગકારો, રોકાણકારો અને પ્રોફેશનલ્સ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી કમલેશ ગજેરાએ કાર્યક્રમ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. ચેમ્બરની કેપિટલ એન્ડ કોમોડિટી માર્કેટ કમિટીના ચેરમેન શ્રી અયુબ યાકૂબઅલીએ મુખ્ય વકતા શ્રી રિધમ દેસાઇનો પરિચય આપ્યો હતો. કેપિટલ એન્ડ કોમોડિટી માર્કેટ કમિટીના એડવાઇઝર શ્રી કેતન દલાલે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

કેપિટલ એન્ડ કોમોડિટી માર્કેટ કમિટીના કો–ચેરમેન ડો. રાકેશ દોશીએ પ્રશ્નોત્તરી સત્રનું સંચાલન કર્યું હતું. રોકાણકારો અને પ્રોફેશનલ્સે આ સત્રમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો, જેમાં વિવિધ પ્રશ્નોના નિષ્ણાતો દ્વારા સંતોષકારક જવાબો આપવામાં આવ્યા હતા અને ત્યારબાદ કાર્યક્રમનું સમાપન થયું હતું.